# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-03-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્યમાં ઈંધણનો પુરતો જથ્થો-મુખ્યમંત્રી :

રાજ્યમાં પેટ્રોલ-ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે.

વૈશ્વિક પરિસ્થિતિ વચ્ચે પણ ઈંધણ પુરવઠો પૂરતો હોવાથી તેમણે બિનજરૂરી લાઈનો ન લગાવવા અને કોઈપણ પ્રકારની અફવાઓથી દોરવાયા વગર કે ગભરાટમાં આવ્યા વગર શાંતિ જાળવવાની અપીલ કરી છે.

(બાઈટ.... મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ)

---

## જીલ્લા કલેક્ટર સમીક્ષા બેઠક:

જીલ્લા કલેક્ટર આનંદ પટેલે જિલ્લામાં આવેલ તમામ ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સાથે પેટ્રોલઅને ડીઝલના જથ્થાની ઉપલબ્ધતા અંગે આજે સમીક્ષા બેઠક યોજીહતી.

પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે પેટ્રોલ અને ડીઝલના આયાતી જથ્થા પર કોઈ અસરપડી ન હોવાની અને કચ્છમાં તમામ પેટ્રોલ પંપ પર હાલ પૂરતી માત્રામાં પેટ્રોલ અને ડીઝલનોજથ્થો ઉપલબ્ધ હોવાની માહિતી બેઠકમાં આપવામાં આવી હતી. જેથી નાગરિકોને અફવાઓથી દૂર રહેવા જીલ્લા ક્લેકટર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ક્લેકટરે જણાવ્યું કે, જિલ્લા તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક છે અને ઇંધણની ઉપલબ્ધતાઅંગે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. પશ્ચિમ કચ્છ એસ.પી વિકાસ સુંડાએ કંપનીઓનેકોઇ

તત્વો દ્વારા પેટ્રોલ અને ડીઝલનો બિનજરૂરી જથ્થો સંગ્રહ ન થાય તે માટેપેટ્રોલપંપ માલિકોને તાકીદની જાણ કરવા તેમજ માત્ર વાહનમાં જ પેટ્રોલ ભરવા, અન્યકોઇ રીતે છુટક વેચાણ ન કરવા તાકીદ કરી હતી. જો આ પ્રકારની પ્રવૃત્તિ થતી હશે તોજવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. જીલ્લા પુરવઠા અધિકારી અર્શી હાશમીએ આ અંગે વધુ વિગતો આપીહતી.

(બાઈટ-અર્શી હાશમી- જીલ્લા પુરવઠા અધિકારી)

---------------------------------------------------------------------------------

## ગુજકેટ પરીક્ષા:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આગામી તા.૨૯ માર્ચે યોજાનાર ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ-ગુજકેટ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રના સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા પ્રતિબંધાત્મક હુકમો જારી કરાયા છે.

જિલ્લામાં આ પરીક્ષા સમય દરમિયાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી.ચૌહાણ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે અનુસૂચિ મુજબ ભુજ ખાતેના ૧૦ પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં આગામી ૨૯ મીએ રવિવારના સવારે ૯ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી વિવિધ પ્રતિબંધો ફરમાવવામાં આવ્યા છે.

પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં પાંચ કરતા વધારે લોકોએ એકઠા ન થવા, સરઘસો ના કાઢવા તેમજ સુત્રો ન પોકારવા આદેશ કરાયો છે. આ ઉપરાંત, પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ કે કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ન ચલાવવા, કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો ન કરવા અને મશીનો બંધ રાખવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## ધોરડો કેન્ટીન:

ધોરડો સ્થિત એગ્રોસેલ કંપનીના  કામદારો માટેની કેન્ટીનની ઈમારતને ટોચની પાંચ ઈમારતની યાદીમાં સમાવિષ્ટકરવામાં આવી છે. ઈજનેરી ક્ષેત્રમાંપ્રતિષ્ઠિત ગણાતા `આર્ક ડેઈલી મેગેઝિન દ્વારાવિશ્વભરની શ્રેષ્ઠ ઈમારતોનીવાર્ષિક યાદીમાં આ કેન્ટીને સ્થાન મેળવ્યું છે. મેગેઝિન દ્વારા પાંચ વિવિધ કેટેગરીમાં વિશ્વનાં શ્રેષ્ઠપાંચ- બાંધકામને પ્રોજેક્ટ ઓફ ધ યર સ્પર્ધા માટે નામાંકિત કરાયા હતા, તેમાંઅનેક તબક્કા માંથી પસાર  થયા બાદ ટોચના પાંચ બાંધકામને અતિમ સ્પર્ધામાં લેવાયાં હતાં.

---------------------------------------------------------------------------------------------------